Registration No.: CC/110520/2019
Filing No.: CC/110520/2019
Filed On: 10/12/2019
Registered On : 10/12/2019
Decided on : 14/12/2019
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 110520 OF 2019.**

**CC/ 110520/2019** **Exh.4**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Husen Jakirbhai Abdal,**
   **Age:22, Occupation: Driving,**
   **Reside At:opp. Abdalvala Sona Katpic,**
   **Vaishy Sabha,Jamalpur,Ahmedabad.**

Appearance :
Miss. Mekvan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબ.**

## –: JUDGEMENT :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૦૧–૦૯–૨૦૧૯ના કલાક ૧૭:૨૦ વાગ્યે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે–૦૧–ટીઈ–૧૭૬૩ ઈસનપુર ચાર રસ્તા જાહેર રોડ ઉપર રાખી આવતાં જતાં રાહદારી ટ્રાફિકને અડચણ થાય તેમ કરી રાખેલ હોઈ તે અંગે ફરીયાદીએ ફરીયાદ આપતાં તે અંગે ઈસનપુર પો.સ્ટે.સે. ગુ. રજી.નં.૩૩૪૯/૧૯નો ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ જે અંગે તપાસના અંતે તપાસ કરનાર અધિ.શ્રીએ ક્રિ.પો.કોડની કલમ ૧૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મુલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક–૨થી પ્લી લેતાં, ગુનો કર્યાનો ઈનકાર કરતાં આંક–૩થી પ્લી લેતાં ગુનો કબુલ હોવાનું જણાવેલ.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતાં અગાઉ આરોપીનાએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુતો છે અને તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઈ સમજાવવા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઈ કારણ નથી. આથી આરોપીને હવે ઈ.પી.કો. કલમ–૨૮૩ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને સજા અંગે સાંભળતાં આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમ ગુતો હોઈ કાયદાનુસાર મહત્મ સજા ન કરતાં હળવી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. આથી, વિશેષ ચર્ચા ન કરતાં મુદ્દા નં.૧ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવીને રૂા.૧૦૦/–(એકસો રૂપિયા પુરા)નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય તો દિન–૧૫ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪–૧૨–૨૦૧૯ના રોજ સ્પેશીલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 14/12/2019**
**Place :**
**SPECIAL SITTING , AHMEADABAD**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**